મહીસાગર નદી ગાંડીતૂરઃ સિંધરોટના ૨૦૦ લોકોને સલામત સ્થળે ખસેડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મધ્ય અને ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદથી કડાણા ડેમમાંથી પાણી છોડવામાં આવતા મહી નદીમાં વધેલા પાણીના પ્રવાહને ધ્યાને રાખીને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રાહત અને બચાવની કામગીરી શરૂ કરવામાં આવી છે.

ડબકા ગામનાં ભાઠા વિસ્તારની ૩૦ વ્યક્તિને સલામત સ્થળે ખસેડાયા બાદ રાત્રે સિંધરોટની ૨૦૦ વ્યક્તિને પણ ઊંચાણવાળા વિસ્તારમાં લઇ જવામાં આવી હતી. હાલ પાણીના પ્રવાહમાં ઘટાડો થઇ રહ્યો છે. કડાણામાંથી ગઈ કાલે રવિવારે નવ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું. જે ઘટીને હાલ એક લાખ ક્યુસેક થયું છે. વણાકબોરીમાંથી વહેલી સવારે જે નવ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવ્યા બાદ હવે તે ઘટી ને છ લાખ ક્યુસેક થયું છે. હાલ કોઈ પણ વિસ્તારમાં પાણીની અંદર માણસો ફસાયા નથી.

નર્મદા નદીના પટમાં આવેલા વ્યાસ બેટમાં ફસાયેલા ૧૨ લોકોને આર્મીની બોટથી બચાવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મધ્ય ગુજરાતમાં અનરાધાર વરસાદથી વ્યાસ બેટમાં ફસાયેલા ચાર સ્ત્રી, બે બાળકો અને છ પુરુષોને બચાવી લેવામાં આવ્યા હતા.

કરજણ તાલુકામાં નર્મદા નદીની વચ્ચે આવેલા વ્યાસ બેટ ખાતે પૂરના પાણીમાં ફસાયેલા ૧૨ વ્યક્તિને સેનાની મદદથી બચાવી લેવામાં આવી છે. ખરાબ વાતાવરણના કારણે વાયુસેના કે કોસ્ટગાર્ડના હેલિકોપ્ટર ઉડાન ના ભરી શકવાના કારણે આર્મીની બોટ મગાવી આ કાંઠા તરફ લાવવામાં આવી હતી. છેલ્લા ૪૮ કલાકથી ચાલી રહેલી મહેનત પછી સોમવારે સવારે આ પરિવારનું રેસ્ક્યુ કરવામાં સફળતા મળી હતી.

ગત શનિવારના રોજ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પૂર અંગે સૂચના આપવા આવ્યા બાદ પણ વ્યાસ બેટ ખાતે એક પરિવારના ૧૨ સભ્યો સલામત સ્થળે આવી શક્યા નહોતા. હવે એ દરમિયાન નર્મદા નદીમાં પાણીની આવક વધતા વ્યાસ બેટમાં પાણી ભરાવાના શરૂ થયા હતા. આ સ્થિતિને ધ્યાને રાખીને કલેક્ટર અતુલ ગોર દ્વારા રાહત કમિશનર મારફત એરફોર્સનું હેલિકોપ્ટર મગાવવામાં આવ્યું હતું પરંતુ અમદાવાદમાં ભારે વરસાદના કારણે તે ઉડાન ભરી શક્યું નથી. તો ફરી સંકલન સાધી કોસ્ટગાર્ડનું એક ચોપર દમણથી અસાઇન કરવામાં આવ્યું હતું તેની સાથે પણ એવું થયું અને હેલિકોપ્ટર આવી શક્યું નથી. આ સ્થિતિને ધ્યાને રાખીને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રવિવારે બપોર બાદ એક બોટ નદીમાં ઉતારવામાં આવી હતી પણ પ્રવાહ એટલો તેજ હતો કે બચાવકર્મીઓએ પરત ફરવું પડ્યું હતું. આવી કપરી સ્થિતિને જોતા અંતે આર્મી પાસેથી વધુ શક્તિશાળી બોટ રવિવારે સાંજે મગાવી લેવામાં આવી અને સોમવારે સવારે બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. સવારે આર્મીની એક બોટ સ્થાનિક જાણકાર વ્યક્તિને સાથે રાખી નાસ્તો અને જરૂરી સામાન લઇ વ્યાસ બેટ ઉપર પહોંચી ગઇ હતી. જ્યાં ફસાયેલી તમામ ૧૨ વ્યક્તિને પ્રથમ તો નાસ્તો કરાવવામાં આવ્યો હતો અને બાદમાં બોટમાં બેસાડવામાં આવ્યા હતા. નદીના પ્રવાહમાં આ બોટ સલામત રીતે આ કાંઠા તરફ આવતા જિલ્લા વહીવટી તંત્ર અને ગ્રામજનોએ હાશકારો અનુભવ્યો હતો.

ગુજરાતમાં હજુ ત્રણ દિવસ ભારેથી અતિભારે વરસાદ વરસશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લા ત્રણ દિવસથી ભારે વરસાદ વરસી રહ્યો છે. રાજ્ય હવામાન વિભાગે રાજસ્થાનમાં ઉત્તર પૂર્વમાં બનેલા લો પ્રેશરને કારણે એક સિસ્ટમ બની રહી છે જેના કારણે ગુજરાતમાં ત્રણ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

દરમિયાન રાજ્ય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજસ્થાનમાં ઉત્તર પૂર્વમાં બનેલા લો પ્રેશરને કારણે એક સિસ્ટમ બની રહી છે જેના કારણે તા.૧૯મી સપ્ટેમ્બરે બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, પાટણ, મહેસાણા, ગાંધીનગર, મહિસાગર, કચ્છ, સુરેન્દ્રનગર, અમદાવાદ, ખેડા, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર, વડોદરા, આણંદ, ભરુચ, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, ભાવનગર, અમરેલી, બોટાદ, ગીર સોમનાથ, જૂનાગઢ, પોરબંદર, રાજકોટ, જામનગર, દેવભૂમિ દ્વારકા અને મોરબીમાં ભારે વરસાદ પડવાની આગાહી કરી છે. જ્યારે તા.૨૦મી સપ્ટેમ્બરે કચ્છ, પાટણ, બનાસકાંઠામાં ભારેથી અતિભારે જ્યારે મોરબી, સુરેન્દ્રનગર, મહેસાણા, ગાંધીનગર સાબરકાંઠા, અરવલ્લી, મહિસાગર, અમદાવાદ, ખેડા, આણંદ, વડોદરા, છોટા ઉદેપુર, દાહોદ, પંચમહાલ, ભરુચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, બોટાદ, ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, જૂનાગઢ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, જામનગરમાં ભારેથી અતિ ભારે વરસાદ પડવાની આગાહી કરી હતી. જ્યારે તા.૨૧મી સપ્ટેમ્બરે કચ્છમાં અતિભારે વરસાદની શક્યતા છે. જ્યારે જામનગર અને દેવભૂમિ દ્વારકામાં ભારે વરસાદ વરસી શકે છે.

આ ઉપરાંત બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર, અમદાવાદ, ખેડા, આણંદ, મહિસાગર, વડોદરા, છોટા ઉદેપુર, દાહોદ, પંચમહાલ, ભરુચ, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, બોટાદ, ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, જૂનાગઢ, પોરબંદર, રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગરમાં ભારે વરસાદની સાથે માછીમારોને ૨૦મી તારીખ સુધી દરિયો ન ખેડવાની ચેતવણી આપવામાં આવી હતી.

નર્મદા નદીનું પાણી હાઇવે પર પહોંચ્યુઃ સ્ટેચ્યૂ ઑફ યુનિટીમાં ટૂરિસ્ટો અધવચ્ચે અટવાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં અવિરત વરસાદ વચ્ચે નર્મદા જિલ્લામાં જ્યાં જુઓ ત્યાં પાણી જ પાણી જોવા મળી રહ્યું છે. આ તરફ હવે નર્મદા કલેક્ટરે જાહેરનામું બહાર પાડ્યું હતુ, નર્મદા જિલ્લામાં ભારે વરસાદ વચ્ચે હવે જિલ્લાની તમામ શાળા, કોલેજો બંધ રાખવા આદેશ કરવામાં આવ્યો હતો. આ સાથે નર્મદાથી સ્ટેચ્યૂ ઓફ યુનિટી જવાના તમામ માર્ગ બંધ હોઇ હાઈવે પર પાણી ફરી વળતા રાહદારીઓ અટવાયા હોવાનું જાણવા મળ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર નર્મદા જિલ્લામાં ભારે વરસાદ વચ્ચે નર્મદાથી સ્ટેચ્યૂ ઓફ યુનિટી જવાના તમામ માર્ગ બંધ થઈ ગયા હતા. આ તરફ વરસાદ વચ્ચે હાઈવે પર પાણી ફરી વળતા રાહદારીઓ અટવાયા હતા. જોકે અટવાયેલા રાહદારીઓનું પોલીસ સાથે ઘર્ષણ પણ થયું હોવાના અહેવાલ છે. આ તરફ ભારે વરસાદ વચ્ચે હાઈવે પર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. જો કે, નર્મદાનું પાણી હાઈવે સુધી પહોંચ્યું છે.

નર્મદા નદીમાં પૂરઃ ૧૫ ટ્રેન કેન્સલ કરાઈ, અનેક ટ્રેન અધવચ્ચે અટવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સરદાર સરોવર ડેમમાંથી સતત પાણી છોડાઈ રહ્યું છે. નર્મદા નદી ખતરાના નિશાનથી ઉપર વહી રહી છે. ભરુચ, અંકલેશ્વરમાં પૂરના પાણી ફરી વળ્યાં છે. ત્યારે આવા સંકટ વચ્ચે ભરુચ-અંકલેશ્વર બ્રિજ પરથી પસાર થતી ટ્રેનને અસર થઈ છે. આ કારણે રેલવે દ્વારા અનેક ટ્રેન ડાયવર્ટ તો અનેક ટ્રેન કેન્સલ કરવામાં આવી છે. સોમવારના લેટેસ્ટ અપડેટ અનુસાર, ૧૫ જેટલી ટ્રેનને કેન્સલ કરવામાં આવી જ્યારે ૧ ટ્રેનને ડાયવર્ટ કરવામાં આવી હતી.

દરમિયાન રેલવે વિભાગના જણાવ્યા અનુસાર ૨૨૯૩૦ વડોદરા-દહાણુ રોડ, ૨૨૯૨૯ દહાણુ રોડ-વડોદરા, ૦૯૧૫૬ વડોદરા સુરત, ૦૯૧૫૫ સુરત-વડોદરા, ૦૯૩૧૮ આણંદ-વડોદરા, ૨૨૯૫૩ મુંબઈ-અમદાવાદ ૨૦૯૦૧ મુંબઈ-ગાંધીનગર વંદે ભારત એક્સપ્રેસ, ૨૦૯૦૨ ગાંધીનગર-મુંબઈ વંદે ભારત એક્સપ્રેસ, ૧૨૦૦૯ મુંબઈ-અમદાવાદ શતાબ્દી એક્સપ્રેસ, ૧૨૦૧૦ અમદાવાદ-મુંબઈ, ૧૯૦૧૫ દાદર-પોરબંદર, ૧૨૯૩૪ અમદાવાદ-મુંબઈ, ૧૨૯૩૨ અમદાવાદ-મુંબઈ, ૮૨૯૦૨ અમદાવાદ-મુંબઈ તેજસ એક્સપ્રેસ, ૨૨૯૫૪ અમદાવાદ મુંબઈ, ૧૨૯૩૩ મુંબઈ-અમદાવાદ, ૧૨૯૩૧ મુંબઈ-અમદાવાદ, ૮૨૯૦૧ મુંબઈ-અમદાવાદ તેજસ એક્સપ્રેસ, ૦૯૧૭૨ ભરુચ-સુરતની ટ્રેન કેન્સલ કરાઈ હતી.

જ્યારે ૧૨૯૩૯ નંબરની પુણે-જયપુર વચ્ચે ચાલતી ટ્રેનને ડાયવર્ટ કરાઈ હતી.

વેપાર વાણિજ્ય

શું આખલો પોરો ખાય છે? વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે સેન્સેક્સ અને નિફ્ટી લપસ્યા!

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ એકધારી તેજી સાથે નવી લાઇફ ટાઇમ ઊંચી સપાટીને આંબી ગયા બાદ સેન્સેક્સ અને નિફ્ટી સોમવારે વિશ્વના નબળા સંકેત સાથે અમેરિકાની ફેડરલ રિઝર્વના વ્યાજદર અંગેના નિર્ણય અગાઉની ચિંતા વચ્ચે નેગેટીવ ઝોનમાં સરી ગયા હતા. એકંદર વૈશ્વિક ઇક્વિટી બજારમાં સાવચેતીનું માનસ હતું, રોકાણકારોની ચીનની આર્થિક પરિસ્થિતિ પર ચાંપતી નજર છે અને યુએસ ફેડરલ રિઝર્વ ઉપરાંત અન્ય મુખ્ય કેન્દ્રીય બેંકોના નીતિ નિર્ણયોની પણ આતુરતાથી પ્રતીક્ષા સેવાઇ રહી છે.

નિફ્ટી ૫૦ સત્રને અંતે ૫૯.૦૫ પોઇન્ટ અથવા તો ૦.૨૯ ટકાના ઘટાડા સાથે ૨૦,૧૩૩.૩૦ પોઈન્ટ્સની સપાટીએ બંધ થયો હતો, જ્યારે સેન્સેક્સ ૨૪૧.૭૯ પોઇન્ટ અથવા તો ૦.૩૬ ટકાના ઘટાડા સાથે ૬૭,૫૯૬.૮૪ પોઈન્ટ પર બંધ થયો હતો. સત્ર દરમિયાન ૩૦૫.૮૦ પોઇન્ટ અથવા તો ૦.૪૫ ટકાના ઘટાડા સાથે ૬૭,૫૩૨.૮૩ પોઈન્ટની સપાટીને અથડાયો હતો. વૈશ્વિક મોરચે બજારમાં એવી અપેક્ષા ચર્ચાઇ રહી હતી કે યુએસ ફેડરલ રિઝર્વ તેની આગામી મીટિંગ દરમિયાન તેના વર્તમાન વ્યાજ દરો જાળવી રાખશે. બજારના અભ્યાસુઓ ફેડરલ દ્વારા વ્યાજ દરની ભાવિ દિશા વિશેના કોઈપણ સંકેતો પર પમ ઝીણી નજર રાખશે. સેક્ટરોરલ ઇન્ડેક્સમાં નિફ્ટી મેટલ, નિફ્ટી મીડિયા, નિફ્ટી આઇટી, નિફ્ટી ફાઇનાન્સિયલ સર્વિસિસ, નિફ્ટી ફાર્મા, નિફ્ટી રિયલ્ટી અને નિફ્ટી પ્રાઇવેટ બેન્કોએ તમામ ૦.૪૫ ટકાથી લગભગ બે ટકા સુધીનો ઘટાડો નોંધાવ્યો હતો. મિડ-કેપ ઇન્ડેક્સ ૦.૩૬ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો, જ્યારે સ્મોલ-કેપ ઇન્ડેક્સ ૦.૪૧ ટકા ઘટ્યો હતો.

સેન્સેક્સમાં પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા ૩.૦૧ ટકા, ટાઈટન કંપની ૨.૭૩ ટકા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૨.૬૫ ટકા, એનટીપીસી ૨.૦૭ ટકા અને બજાજ ફિનસર્વ ૧.૩૫ ટકા વધ્યા હતા, જ્યારે એચડીએફસી બેન્ક ૧.૯૮ ટકા, ભારતી એરટેલ ૧.૭૧ ટકા, ઈન્ફોસિસ ૧.૪૦ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૧.૩૬ ટકા અને ટાટા સ્ટીલ ૧.૨૧ ટકા ઘટ્યા હતા.

એકંદર વેચવાલીના માહોલ વચ્ચે પીએસયુ બેન્ક શેરોમાં આકર્ષણ જોવા મળ્યું હતું. નિફ્ટી પીએસયુ બેન્ક ઇન્ડેક્સની ૧૧ બેન્કોમાંથી ૧૦ બેન્ક સોમવારે તેમની બાવન સપ્તાહની ટોચે પહોંચી હતી. નોંધનીય રીતે, ઈન્ડિયન ઓવરસીઝ બેંક, યુકો બેંક, અને પંજાબ એન્ડ સિંધ બેંક સત્ર દરમિયાન ૨૦ ટકાનો ઇન્ટ્રાડે ઉછાળો નોંધાવી તેમના સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચી હતી. સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયામાં ૧૯ ટકાનો ઉછાળો, જ્યારે મહારાષ્ટ્ર બેંકમાં ૧૪ ટકાનો ઉછાળો નોંધાયો છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં પણ બે ટકાનો વધારો જોવા મળ્યો છે.

આઈપીઓ ઈન્ડેક્સ ૦.૭૦ ટકા ઘટ્યો હતો જ્યુપીટર લાઇફ લાઇન હોસ્પિટલ તેના રૂ. ૭૩૫ના ઇશ્યુ ભાવ સામે ૩૦.૬૧ ટકાના પ્રીમિયમ સાથે રૂ. ૯૬૦ના ભાવે લિસ્ટેડ થયા બાદ રૂ. ૧૦૨૮.૩૦ સુધી ઊછળ્યો હતો. જેએસડબલ્યુ ઇન્ફ્રા રૂ. ૨૮૦૦ કરોડના આઇપીઓ સાથે ૨૫મીએ મૂડીબજારમાં આવી રહી છે. તેની પ્રાઇસ બેન્ડ રૂ. ૧૧૩થી રૂ. ૧૧૯ નક્કી થઇ છે. મિનિમમ બિડ લોટ ૧૨૬ શેરનો છે અને ભરણું ૨૭મીએ બંધ થશે. એનએસઇ ઇમર્જ પ્લેટફોર્મ પર ગોયલ સોલ્ટ લિમિટેડ રૂ. ૧૮.૬૩ કરોડના જાહેર ભરણા સાથે ૨૬મીએ પ્રવેશ કરી રહી છે અને ૨૯મીએ બંધ થઇ રહેલા આ એસએમઇ ભરણા માટે રૂ. ૧૮થી રૂ ૩૬ની પ્રાઇસ બેન્ડ નક્કી થઇ છે. મિનિમમ લોટ સાઇઝ ૩૦૦૦ શેરની છે. એસએમઈ આઈપીઓ ૦.૩૦ વધ્યો હતો.

સત્ર દરમિયાન બજારનો અંડરટોન નરમ રહ્યો હતો. બીએસઈ પર ટ્રેડિંગ દિવસના અંત સુધીમાં ૨,૧૦૩ ઘટતા શેરોની સરખામણીમાં ૧,૬૬૯ આગળ વધતા શેરો હતા, જેમાં કુલ ૩,૯૪૬ શેરોનો વેપાર થયો હતો. તેમાંથી, ૨૩૪ શેરો તેમની બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા, જ્યારે ૨૬ તેમના બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. વધુમાં, ૩૭૪ શેરો તેમની ઉપલી સર્કિટની મર્યાદા સુધી પહોંચી ગયા હતા, જ્યારે ૨૩૭ તેમની નીચલી સર્કિટની મર્યાદા સુધી પહોંચી ગયા હતા.

એશિયાઇ બજારોમાં સિઓલ અને હોંગકોંગ એક્સચેન્જ નેગેટીવ ઝોનમાં સરક્યા હતા જ્યારે શાંઘાઇ એક્સચેન્જમાં સુધારો જોવા મળ્યો હતો. યુરોપના બજારોમાં ખૂલતા સત્રમાં નરમાઇ જોવા મળી હતી. એ નોંધવું રહ્યું કે શુક્રવારે અમેરિકાના શેરબજારોમાં મંદી રહી હતી. એફઆઇઆઇએ પાછલા સત્રમાં રૂ. ૧૬૪.૪૨ કરોડની લેવાલી નોંધાવી હતી. શેરબજાર એક નવી ઐતિહાસિક ઊંચી સપાટી સર કરી ચૂક્યું છે અને છતાં તેની હજુ આગેકૂચ ચાલુ રહેવાની આશા સેવાઇ રહી છે. આમ જુઓ તો બજારની ચાલ અંગે સ્પષ્ટ મત કરવામાં જોખમ રહેલું છે, કારણ કે બજારને અને તેના સેન્ટિમેન્ટને અસરકર્તા પરબિળોમાં તીવ્ર વિરોધાભાસ જોવા મળે છે. સ્થાનિક ધોરણે જોઇએ તો મેક્રો-ઇકોનોમિક ડેટા અનુકૂળ રહ્યાં છે અને પ્રવાહિતાની પરિસ્થિતિ પણ સારી છે, જે બજારની ઉર્ધ્વગતિ માટે પોષક છે. જી-૨૦નો ઉન્માદ પણ હજુ ટકેલો હોય એવું બજારનું હવામાન છે.

સરદાર સરોવર નર્મદા ડેમમાં ૧૦૦ ટકા જળસંગ્રહઃ ૨૦૭ જળાશયો ૯૩.૩૦ ટકાથી વધુ ભરાયાં

અમદાવાદઃ ગુજરાતમાં અવિરત વરસી રહેલા શ્રીકાર વરસાદના પરિણામે ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર પરિયોજનામાં ૧૦૦ ટકા જળસંગ્રહ થયો છે. સરદાર સરોવર ડેમના તમામ દરવાજા ખોલતા નયનરમ્ય નજારો જોવા મળ્યો હતો.સ્ટેટ ફ્લડ કન્ટ્રોલ સેલ, ગાંધીનગરના અહેવાલમાં જણાવ્યાનુસાર ૧૮મી સપ્ટેમ્બરની સ્થિતિએ રાજ્યના મહત્ત્વની ૨૦૭ જળ પરિયોજનાઓમાં ૯૩.૩૦ ટકા જેટલો જળસંગ્રહ થયો છે. જેમાં સરદાર સરોવર યોજનામાં ૩,૩૪,૦૮૦ એમ.સી.એફ.ટી. જળસંગ્રહ છે જે કુલ જળસંગ્રહશક્તિના ૧૦૦ ટકા જેટલો નોધાયો છે. સરદાર સરોવર સિવાય રાજ્યના અન્ય ૨૦૬ જળ પરિયોજનાઓમાં ૪,૯૮,૩૧૨ એમ.સી.એફ.ટી. જળસંગ્રહ છે જે કુલ જળસંગ્રહશક્તિના ૮૯.૨૯ ટકા જેટલો નોંધાયો છે. રાજ્યભરના કુલ ૨૮ જળાશયોમાં (સરદાર સરોવર સહિત) ૧૦૦ ટકાથી વધુ જળસંગ્રહ થયો છે. ૧૧૧ જળાશયોમાં ૭૦ ટકાથી ૧૦૦ ટકા જળસંગ્રહ, ૩૦ જળાશયોમાં ૫૦ ટકાથી ૭૦ ટકા જળસંગ્રહ, ૨૩ જળાશયોમાં ૨૫ ટકાથી ૫૦ ટકા જળસંગ્રહ, ૧૪ જળાશયોમાં ૨૫ ટકા કરતાં ઓછો જળસંગ્રહ થયો છે. જેમાં ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૭૫.૬૯ ટકા, મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં ૯૨.૧૧ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૯૫.૮૯ ટકા, કચ્છના ૨૦ જળાશયોમાં ૫૯.૫૩ ટકા તથા સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૭૮.૭૭ ટકા જેટલો જળસંગ્રહ થયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં થઈ રહેલા વરસાદના પરિણામે ૧૦૦ ટકાથી વધુ જળસંગ્રહ થયેલા ૨૭ જળાશયો તથા ૯૦ ટકાથી ૧૦૦ ટકા જળસંગ્રહ થયેલા ૬૩ જળાશયો મળી કુલ ૯૦ જળાશયો હાઈ એલર્ટ પર છે.

પશ્ચિમ રેલવે

મધ્ય NDTCમાં DTC
૧ નંબરનું રૂપાંતર

ડિવિઝનલ રેલવે મેનેજર (રોલિંગ સ્ટોક) EMU કારશેડ મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન, પશ્ચિમ રેલવે, મુંબઈ ૪૦૦૦૩૪ ઈ-ટેન્ડર નંબર : DRM/RS/૨૦૨૩-૨૪/૩ તારીખ : ૧૫/૦૯/૨૦૨૩. કામનું નામઃ સીમેન્સ EMU રેકસના વિકલાંગ કમ્પાર્ટમેન્ટ સાથે મધ્ય NDTCમાં DTCના ૧ નંબરનું રૂપાંતર. કામની અંદાજિત કિંમત : રૂા. ૧૨,૬૫,૬૪૦/- બારડી : રૂા. ૨૫,૩૦૦/- સુપ્રતિની તારીખ અને સમય : નિર્ધારિત રીતે ૦૯.૧૦.૨૦૨૩ના ૧૫.૦૦ કલાક પછી નહીં. ખોલવાની તારીખ અને સમય : ૦૯.૧૦.૨૦૨૩ના ૧૫.૩૦ કલાકે. વેબસાઈટ વિગતો : ટેન્ડર વેબસાઈટ www.ireps.gov.in દ્વારા જોઈ અને સુપ્રત કરી શકાય છે. 0635

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે-અમદાવાદ ડિવિઝન

વ્યાપક વાર્ષિક જાળવણી કરાર

(ઈલેક્ટ્રિકલ વિભાગ) ઈ-ટેન્ડર નોટીસ Sr.DEE/TR/ADI/10 (2023-24) તારીખ 13.09.2023 અનુ. નં. 1 ટેન્ડર નં.: TRD-ADI-T-03R2-2023-24 કાર્યનું નામઃ અમદાવાદ ડિવિઝનના ટીઆરડી યુનિટ માટે 02 વર્ષ માટે 8-વ્હીલર ટાવર વેગનના ડીઝલ એન્જિન માટે વ્યાપક વાર્ષિક જાળવણી કરાર (એએમસી). **અંદાજિત પડતરઃ** ₹ 1,62,66,019/- **અર્નેસ્ટ મની :** ₹ 2,31,300/- **જમા કરાવવાની તારીખ અને સમય :** 11.10.2023 ના 15.00 કલાકથી મોડા નહીં. **ખુલવાની તારીખ અને સમયઃ** 11.10.2023 ના 15.30 કલાકે. **ઓફિસનું સરનામુંઃ** સિનિ. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર, ડીઆરએમ ઓફિસ (પરે), ચામુંડા બ્રીજ પાસે, જીસીએસ હોસ્પિટલ સામે, નરોડા રોડ, અમદુપુરા અમદાવાદ-382345 **વેબસાઈટની વિગતઃ** www.ireps.gov.in 150

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

મધ્ય રેલવે

ટેન્ડર મંગાવવા માટે નોટિસ

તેના સ્થાન સાથેના કામનું નામઃ મુંબઈ વિભાગના લોકમાન્ય તિલક ટર્મિનસ કોચિંગ ડેપો ખાતે મેન્ટેનન્સ સાઈડિંગ (MS) વોશિંગ સાઈડિંગ (WS) અને સિકલાઈન IOH શેડ પર નવી ન્યુમેટિક પાઈપ લાઈનોના સપ્લાય અને ઈન્સ્ટોલેશનનું કામ. **કામની અંદાજિત કિંમતઃ** રૂ. ૧,૨૫,૦૯,૧૯૩/-. **પૂર્ણ થવાની તારીખઃ** ૦૬ મહિના. **બાના રકમઃ** રૂ. ૨,૧૨,૬૦૦/-. **ટેન્ડર સુપ્રતિની બંધ થવાની તારીખ અને સમયઃ** ૧૦.૧૦.૨૦૨૩ ૧૫.૦૦ કલાક સુધી. વેબસાઈટ **www.ireps.gov.in** દ્વારા ટેન્ડરો માત્ર ઈ-ટેન્ડરિંગ ફોર્મેટમાં જ સ્વીકારવામાં આવશે. ટેન્ડર દસ્તાવેજ વેબસાઈટ પર ઉપલબ્ધ છે. **''આ ટેન્ડર પબ્લિક પ્રોક્યોરમેન્ટ પોલિસી ઓર્ડર ૨૦૧૭/ તારીખ ૧૫.૦૬.૨૦૧૭નું પાલન કરે છે.'' ઓપન ટેન્ડર નોટિસ નંબર BB.M.LTT.TC.** પર ન્યુમેટિક પાઈપલાઈન તારીખ ૧૫.૦૯.૨૦૨૩. 513

ટિકિટો માટે UTS એપ ડાઉનલોડ કરો

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

ઈ-ટેન્ડર નોટિસ

વિભાગ	પબ્લિક હેલ્થ વિભાગ
હોસ્પિટલનું નામ	એકવર્થ મ્યુનિસિપલ હોસ્પિટલ ફોર લેપ્રસી
વિષય	એકવર્થ મ્યુનિસિપલ હોસ્પિટલ ફોર લેપ્રસી, વડાલા ખાતે સ્પેસિફાઇડ નિયમો અને શરતો પર છ મહિનાથી ઓછા નહિ તેમ NGO પાસેથી કોન્ટ્રાક્ટના ધોરણે ક્લિયરિંગ માટે ૦૯ નંગ MPL જોગવાઈનું કામ
ઓફિસ અંદાજિત કિંમત	રૂ. ૧૭,૭૩,૧૨૪.૨૦/-
સ્કુટીની મૂલ્ય	રૂ. ૩૦૦૦+૧૮% GST
નંબર	નંબર HO/૮૯૩/ALH તા. ૧૮.૦૯.૨૦૨૩
ફોર્મનું વેચાણ	તારીખ ૨૨/૦૯/૨૦૨૩ થી ૦૪/૧૦/૨૦૨૩ સુધી સવારે ૧૧ થી બપોરે ૪ સુધી
ફોર્મ સ્વીકારવાની તારીખ	તારીખ ૨૫/૦૯/૨૦૨૩ થી ૦૫/૧૦/૨૦૨૩ સુધી સવારે ૧૧ થી બપોરે ૪ સુધી
ડીવેબસાઈટ	https://portal.mcgm.gov.in (Detail Advertisement)
સંપર્ક વ્યક્તિ	સારિકા નાઈક, એડમીનીસ્ટ્રેટીવ ઓફિસર, એકવર્થ મ્યુનિસિપલ હોસ્પિટલ ફોર લેપ્રસી
સંપર્ક નંબર	૦૨૨-૨૪૧૫૦૩૫૫ એક્ષ્ટે. ૨૧૫

સહી/-
મેડિકલ સુપ્રિન્ટેન્ડન્ટ
એકવર્થ મ્યુનિસિપલ હોસ્પિટલ ફોર લેપ્રસી
PRO/1548/ADV./2023-24

વૃક્ષો વાવો, વૃક્ષોનું જતન કરો.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

લોકમાન્ય ટિળક પાલિકા જનરલ હોસ્પિટલ, સાયન

ઈ-ટેન્ડર નોટીસ

નંબર LTH/૨૨૧/R ના તા. ૧૮/૦૯/૨૦૨૩

આ એક ઈ-ટેન્ડર નોટીસ છે. બૃહન્મુંબઈના મ્યુનિસિપલ કમિશનર નીચેના કામો માટે ઈ-ટેન્ડર મંગાવે છે.

ક્ર. નં.	કામનું નામ	બાના રકમ ડિપોઝીટ (બારડી) રૂા.	ઈ-ટેન્ડર સ્કુટીની ફી રૂા.	બીડ પ્રારંભ તારીખ અને સમય	બીડ સમાપ્તિ તારીખ અને સમય
૧	૨	૩	૪	૫	૬
૧.	L.T.M.G હોસ્પિટલ ખાતે ભાડાના ધોરણે ચિલર પ્લાન્ટનું સંચાલન અને SITC (બીડ નં. ૭૨૦૦૦૬૧૯૮૫)	૧૪,૦૦૦/-	૩૦૦૦/- + ૧૮% GST	૧૯/૦૯/૨૦૨૩ બ. ૪.૦૦ (૧૬.૦૦ ક.)	૨૫/૦૯/૨૦૨૩ બ. ૪.૦૦ (૧૬.૦૦ ક.)
૨.	L.T.M.G. હોસ્પિટલ ખાતે ઓર્ગન બાથ, સ્કૂપ ઈન્સ્ટ્રુમેન્ટ, આર્મ બોર્ડ અને સંલગ્ન કામોનું સમારકામ અને સર્વિસિંગ (બીડ નં. ૭૨૦૦૦૬૧૯૮૬)	૨૦,૦૦૦/-	૩૦૦૦/- + ૧૮% GST	૧૯/૦૯/૨૦૨૩ બ. ૪.૦૦ (૧૬.૦૦ ક.)	૨૫/૦૯/૨૦૨૩ બ. ૪.૦૦ (૧૬.૦૦ ક.)

બિડરે ટેન્ડર દસ્તાવેજો ડાઉનલોડ કરતા પહેલાં ઓનલાઈન પેમેન્ટ ગેટવે દ્વારા ઉપરોક્ત ટેબલમાં જણાવ્યા મુજબ ''ઈ-ટેન્ડર કિંમત'' ચૂકવવાની રહેશે. MCGMમાં નોંધાયેલા સહિત તમામ બિડર્સે બૃહન્મુંબઈ મહાનગરપાલિકાને બારડી ચૂકવવી જરૂરી છે. જેઓએ સ્ટેન્ડિંગ ડિપોઝીટ પહેલેથી જ ભરી હોય. ટેન્ડરરે ઓનલાઈન બિડની સુપ્રતિ સાથે MCGMની SRM પોર્ટલ / ઓનલાઈન પેમેન્ટ ગેટવે દ્વારા દર્શાવેલ રકમની બારડી ચૂકવવાની રહેશે.

નોંધઃ એ) http://www.mcgm.gov.in ખાતે પાલિકા વેબસાઈટ પર અપલોડ કરાયેલ ઈ-ટેન્ડરના નોટિસમાંથી ઉપરોક્ત ટેન્ડરના લાયકાતના માપદંડ રીફર કરવા

બી) બિડરે પ્રી-ક્વોલિફિકેશનના શેડ્યુલમાં જણાવેલ માહિતી સંબંધીત દસ્તાવેજી પુરાવા અપલોડ કરવા જરૂરી છે. ટેન્ડરની વધુ વિગતો માટે ઈચ્છુક ટેન્ડરર્સે પાલિકા વેબસાઈટ http://www.mcgm.gov.in ખાતે મુલાકાત લેવી. ટેન્ડર દસ્તાવેજો ટપાલ દ્વારા જારી કે સ્વીકૃતિ થશે નહીં.

સહી/-
ડીન
L.T.M.G. હોસ્પિટલ
PRO/1554/ADV./2023-24

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

એક્ઝીક્યુટીવ એન્જીનીયર (ટ્રાન્સપોર્ટ) પશ્ચિમી ઉપનગરો

ઈ–ટેન્ડર નોટિસ

ટેન્ડર દસ્તાવેજ નં.	બીડ નં. ૭૨૦૦૦૬૧૯૭૧ તારીખ ૨૦-૯-૨૦૨૩
સંસ્થાનું નામ	બૃહદ્ મુંબઈ મહાનગરપાલિકા
વિષય	પશ્ચિમી ઉપનગરો વિભાગમાં વિવિધ BMC વોર્ડમાં SWM તેમજ BMC વોર્ડની પ્રવૃત્તિઓ હાથ ધરવા એક્સકેવેટર લોડર ઓપરેટર્સ - ૦૨ નંગ ભાડે રાખીને એક્સકેવેટર લોડર વાહનોનું સંચાલન.
સ્કુટીની ફી	રૂા. ૩૦૦૦/- (+ લાગુ પડતો GST)
બીડ સીક્યુરીટી ડિપોઝીટ/બારડી	રૂા. ૧૭,૫૦૦/-
ટેન્ડર જારી કરવાની અને વેચાણની તારીખ	૨૦/૯/૨૦૨૩ના સ. ૧૧ ક. થી
ટેન્ડરના વેચાણ અને બીડ સીક્યુરીટી ડીપોઝીટની સ્વીકૃતિની અંતિમ તારીખ અને સમય	૨૬/૯/૨૦૨૩ના ૧૬ ક. સુધી
પેકેટ A, B અને C ની સુપ્રતિ (ઓનલાઈન)	૨૬/૯/૨૦૨૩ના ૧૬ ક. સુધી
પેકેટ A & B ખૂલશે	૨૯/૯/૨૦૨૩ના ૧૬ ક. બાદ
પેકેટ C ખૂલશે	૦૩/૧૦/૨૦૨૩ના ૧૫ ક. બાદ
સંદેશ વ્યવહારનું સરનામું	એક્ઝિ. એન્જીનીયર (ટ્રાન્સપોર્ટ)ની ઓફીસ, W.S. મિલન મોલ સામે, મિલન સબવે રોડ, ઓફ. એસ. વી. રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૪. ફોનઃ ૦૨૨-૨૬૧૮૨૨૫૨/૫૩/૫૪
બીડ ખૂલવાનું સ્થળ	એક્ઝિ. એન્જીનીયર (ટ્રાન્સપોર્ટ) W. S.ની ઓફીસ.

આ ટેન્ડર દસ્તાવેજ ટ્રાન્સફરેબલ નથી.

સબજેક્ટ ઇ-ટેન્ડર માટે જો કોઈપણ સુધારા અને/કે વધારા જારી થાય તો તેની વિગતો BMCની વેબસાઈટ એટલે કે http://portal.mcgm.gov.in ઉપર ટેન્ડર્સ > ઇ-ટેન્ડર્સ > ટેન્ડર્સ હેઠળ પ્રકાશિત/અપલોડ કરવામાં આવશે. ભાવિ બીડર્સને તેની નોંધ લેવા વિનંતી કરવામાં આવે છે.

BMC કોઈપણ કારણ આપ્યા વિના ઉપરોક્ત સબજેક્ટ માટે મળેલ કોઈપણ કે તમામ અરજીઓ નકારવા કે કોઈપણ અરજી સ્વીકારવાના હક્કો અનામત રાખે છે.

સહી/-
એક્ઝી. એન્જી. ટ્રા. W.S.i/c
PRO/1544/ADV./2023-24

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો